સે.૧૨માં હિમાલયન ધ્યાનયોગનો ૩૦ હવન કુંડ યજ્ઞ યોજાયો

આ પ્રસંગે હિમાલયન ધ્યાનયોગનો પ્રચાર પ્રસાર કરનાર નારી શક્તિનું સન્માન કરાયું.

મંગળવાર, તા.૦૯

આપણાં શાસ્ત્રો અને સંસ્કૃતિમાં પણ યજ્ઞનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. પ્રાચીન સમયમાં ઋષિ-મુનિ પોતાના આશ્રમનું વાતાવરણ પવિત્ર રાખવા તથા રાજા-મહારાજા વિશેષ ફળપ્રાપ્તિ માટે વિવિધ પ્રકારના યજ્ઞ કરતા એવા ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. યજ્ઞ દ્વારા આસપાસના વાતા વરણની શુદ્ધિ થાય છે એ તો જ્ઞાનસંમત વાત છે. ધૂળેટીના શુભ દિવસે ગાંધીનગરના સે.૧૨માં બલરામ મંદિર ખાતે હિમાલયન ધ્યાનયોગના ૩૦ હવન કુંડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૫૦ જેટલા સાધકોએ યજ્ઞ હવનમાં ભાગ લીધો હતો.

યોગાનુયોગ આ દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી ગાંધીનગર ખાતેના હિમાલયન સમર્પણ ધ્યાનયોગ કેન્દ્ર દ્વારા હિમાલયન ધ્યાનયોગનો પ્રચાર પ્રસાર કરી વ્યાપ વધારનાર નારી શક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત પુરુષ સાધકોએ નારી શક્તિની આરતી ઉતારી સહદય ભોજન પણ પીરસ્યું હતું. તમામ સાધકોએ યજ્ઞ અને ભોજન પ્રસાદનો લાભ લઈ ગરબાનો આનંદ માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સમર્પણ ધ્યાન સંસ્કારના પ્રણેતા મહર્ષિ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી, ધ્યાન દ્વારા વિશ્વમાં શાંતિ ફેલાવવામાં અવિરત પ્રયાસ કરી રહ્યા છે. જાતિ, ધર્મ, દેશ, ભાષા, રંગ, લિંગ આદિના ભેદભાવ વિના આ ધ્યાન થકી વિશ્વભરમાં અનેક વ્યકતિઓ નિયમિત ધ્યાનને પોતાની જીવનશૈલીનો ભાગ બનાવી રહ્યા છે.

વીજીઈસી ખાતે એમ્બેડેડ સિસ્ટમ્સ વિષયે "એક્સપર્ટ ટોક" કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૦૯

વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજના પાવર ઈલેક્ટ્રોનિક્સ વિભાગ દ્વારા પ્રિન્સિપાલ ડો.એન.એન.ભુપતાણી અને વીજીઈસી એલ્યુમની એસોસિયેશનના કન્વીનર પ્રો.જી.કે.શાહ દ્વારા એમ્બેડેડ સિસ્ટમ્સ પર "એક્સપર્ટ ટોક"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવચનમાં ૫૦ વિદ્યાર્થીઓ અને ૮ ફેકલ્ટી સભ્યો હાજર રહ્યાં હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા ભાર્ગવ સિદ્ધપુરા, જે વી.જી.ઈ.સી. ચાંદખેડાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે, તેમણે ઉદ્યોગમાં તેમના અનુભવ વિશે ચર્ચા કરી હતી તેમણે એમ્બેડેડ સિસ્ટમ્સની વિવિધ એપ્લિકેશનો વિશે કહ્યું "એમ્બેડેડ સિસ્ટમ્સ તમારા ખિસ્સામાં રહેલા સ્માર્ટફોનથી લઈને તમે ચલાવો છો તે કાર સુધી દરેક જગ્યાએ છે, તે નાના, શક્તિશાળી કમ્પ્યુટર્સ છે જે ચોક્કસ કાર્યો કરવા અને મોટી સિસ્ટમમાં કાર્ય કરવા માટે રચાયેલ છે. કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સથી લઈને ઔદ્યોગિક ઓટોમેશન સુધી, એમ્બેડેડ સિસ્ટમ્સનો ઉપયોગ એપ્લિકેશન્સની વિશાળ શ્રેણીમાં થાય છે." આ સાથે તેમણે પ્રેક્ષકોને એમ્બેડેડ સિસ્ટમ્સ કાર્યરત અને કાર્યોની આંતરદૃષ્ટિ પણ આપી હતી તેમજ તેમણે આ ક્ષેત્રમાં કારકિર્દીની વિવિધ તકો વિશે વાત કરી હતી અને એમ્બેડેડ સિસ્ટમ્સના ભવિષ્યના અવકાશ વિશે ચર્ચા કરી હતી. પાવર ઈલેક્ટ્રોનિક્સના પ્રોફેસર ડો. આઈ. એન. ત્રિવેદીએ જણાવ્યું હતું કે, "પાવર ઈલેક્ટ્રોનિક્સ ફિલ્ડમાં દરેક એપ્લિકેશનમાં એમ્બેડેડ સિસ્ટમનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે."

મહિલા પતંજલિ યોગ સમિતિએ ભાજપના સહયોગથી "મહિલા દિવસ" ઉજવ્યો

ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગરની મહિલા પતંજલિ યોગ સમિતિ તથા ભારતીય જનતા પાર્ટીના જિલ્લા અને મહાનગર એકમના સંયુક્ત ઉપક્રમે નારીના સન્માન, સ્વતંત્રતા અને સ્વૈચ્છાને બળ આપવા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે તા. ૮મી માર્ચના રોજ ચ-૩ સર્કલ પાસે સેક્ટર-૭માં ડિવાઈન યોગા નેચરોપેથી સેન્ટર ખાતે ઉજવણીનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, અતિથિ વિશેષ તરીકે દહેગામ તાલુકાના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ અને ભાજપ જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમના પ્રારંભે જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબેન અને તેમની ટીમ દ્વારા વૈદિક હવન કરાયો હતો.

દીપ પ્રાગટ્ય બાદ મહિલા પતંજલિ સમિતિ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. જીવનમાં યોગનું મહત્વ સમજાવી, વિશ્વ મહિલા દિવસની શુભેચ્છાઓ આપી ઈશ્વરીય સેવા કાર્યમાં સહાયતા આપવા માનસ યોગ સેવા ટ્રસ્ટના સમગ્ર ટ્રસ્ટીગણ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને પતંજલિ યોગ સમિતિના જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરીએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના સમાપને ગરબા યોગ, ગુલાબના ફૂલોથી ધૂળેટી અને પ્રીતિ ભોજન યોજાયાં હતાં.

ન્યુ વાવોલમાં શિવમ્ રેસિડેન્સી પાસે ગટરના ખાડામાં બાઈકસવાર ખાબક્યો

ગંભીર ઇજાગ્રસ્ત બાઇકસવારને ૧૦૮ બોલાવી હોસ્પિટલ લઇ જવાયો : સ્ટ્રીટ લાઇટ કે કોઇપણ ચેતવણીસૂચક બોર્ડ કે આડશના અભાવે સર્જાઇ દુર્ઘટના : આઠેક માસથી ખુલ્લી ગટર ચેમ્બરમાં અગાઉ એક ગાય પણ પડી હતી : આ માર્ગ પરના અધુરાં કાર્યોથી મોટા અકસ્માતનું જોખમ

ગાંધીનગર, તા. ૦૯

ગાંધીનગરના ન્યુ વાવોલ વિસ્તારમાં છેલ્લાં કેટલાંક સમયથી અનેક વિકાસ કાર્યો હાથ ધરાયાં છે પરંતુ તે સાથે સાથે આ વિસ્તારમાં મોટાભાગના વિકાસ કાર્યો મંથર ગતિએ ચાલી રહ્યાં છે અને કેટલાંક કાર્યો તો ઘણાં સમયથી અધુરાં અટકેલાં છે જેના કારણે આ વિસ્તારના વસાહતીઓ અને અહીંથી પસાર થતાં વાહનચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. ગઈકાલે રાત્રે બનેલી આવી જ એક ઘટનામાં ન્યુ વાવોલમાં શિવમ્ રેસિડેન્સી સોસાયટી પાસે લાંબા સમયથી ખુલ્લી પડેલી ગટરના મસમોટા ખાડામાં એક બાઇક સવાર સ્ટ્રીટ લાઇટ કે કોઇપણ ચેતવણીસૂચક બોર્ડ કે આડશના અભાવે એક ખાબક્યો હતો. આ બાઇકસવારને નજીકની શિવમ્ રેસિડેન્સી, કુંજ હાઇટ્સ અને નિલકંઠ ઓસન સોસાયટીના રહીશોએ મળીને મહામહેનતે બહાર કાઢ્યો હતો પરંતુ તેને ગંભીર ઈજાઓ થયેલી જણાતાં તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવાઇ હતી જેમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઇ જવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે શિવમ્ રેસિડેન્સી પાસેનો આ જીવલેણ ખાડો લગભગ આઠેક માસથી જેમનો તેમ છે અને થોડા સમય પહેલાં જ તેમાં એક ગાય પડી ગઇ હતી જેને ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકોએ મહામહેનતે બહાર કાઢી રેસક્યુ કરી હતી. વાવોલથી ઉવારસદ તરફ જતાં રોડ પર અક્ષરવિલા સોસાયટીથી લઈને રેલ્વેના પાટા સુધીના આ માર્ગનું કામ કોઇ અગમ્ય કારણોસર ઘણા સમયથી અધુરું છે અને તેના પર ત્રણ રસ્તે જ આ ગટર ચેમ્બરને પણ ખુલ્લી છોડી દેવાઇ છે. આ માર્ગેથી સ્કૂલ વાન અને સ્કૂલ રીક્ષાઓ પસાર થવાં સહિત વસાહતીઓ વોકિંગ માટે નીકળે છે અને સવાર-સાંજ નાના બાળકો પણ સાઈકલ ચલાવવા નીકળતા હોય છે જે તમામ પર અકસ્માતનું મોટું જોખમ મંડરાઇ રહ્યું છે. આ માર્ગ પરની ગટર લાઇન, સ્ટ્રીટ લાઇટ અને રોડના નવીનીકરણનું કામ સત્વરે પુરુ કરવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોની માંગ છે.

સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા હોળી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા હોળીના શુભ પર્વે વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. જેમાં સેક્ટર-૭-એ વસાહત મંડળના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધીની આગેવાની હેઠળ વસાહતી ભાઈ-બહેનો અને બાળકોએ ઉલ્લાસ અને ઉમંગથી રંગોત્સવ મનાવ્યો હતો. જેને સફળ બનાવવા મંડળના હોદ્દેદારો ભદ્રેશભાઈ શાહ, પ્રો. અશોકભાઈ પટેલ, વિનોદભાઈ રાવલ અને વિપુલભાઈ પટેલે આયોજન કર્યુ હતુ. સેક્ટર-૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધીના જણાવ્યા મુજબ વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. જેના દર્શનનો લાભ સૌ વસાહતી ભાઈ, બહેનો અને બાળકોએ લીધો હતો. દરેકને ધાણી અને ખજૂરનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ ઉત્સવને સાર્થક બનાવવા હોદેદારો સર્વ ભદ્રેશ શાહ, પ્રો. અશોકભાઈ પટેલ અને વિનોદભાઈ રાવલ તેમજ અરૂણાબેન શાહ, રેખાબેન પટેલ, ભૂમિબેન શાહ અને રીટાબેન ગોસ્વામીએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ, એડવોકેટ અશોકભાઈ પટેલ, પી.પી. બિહોલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણ દ્વારા 'ગ્રીન હોલી' સેલિબ્રેશન કરાયું

બાળકોનો પ્રિય તહેવાર એટલે હોળી અને ધુળેટી. તો આ તહેવાર ની ઉજવણી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં સુંદર રીતે કરવામાં આવી. સૌપ્રથમ બાળકો એ હોળી-ધુળેટીની વાર્તા તથા હોળી કેમ ઉજવવામાં આવે છે તે વિશે સ્પીચ આપી હતી. વિદ્યાર્થીઓ માટે 'ઓર્ગેનિક કલર મેકિંગ વર્કશોપ' યોજવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓ ને ઓર્ગેનિક કલરથી તિલક કરી ધુળેટી ઉજવવામાં આવી હતી. અને ફૂલોની પાંદડીઓથી વિદ્યાર્થીઓને ધુળેટી રમાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગ્રીન હોલી સેલિબ્રેશન મનભરીને માણ્યું હતું.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા. ૯

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન સમગ્ર સપ્તાહ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ બહેન-દિકરીઓ અને માતાઓએ ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના પ્રથમ કાર્યક્રમમાં તરૂણાવસ્યામાં પ્રવેશેલી દિકરીઓને સાઈબર ક્રાઈમ અંતર્ગત વિવિધ બાબતોમાં રાખવામાં આવતી સાવધાની, સરકારની વિવિધ મહિલા વિષયક હેલ્પલાઈનની જાણકારી અને આનુસંગિક સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ અધિકારી વાલેરા, ઉન્નતિબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડી.બી. વાળા એલસીબી પીઆઈ અને બાળ-મહિલા ક્રાઈમ પીઆઈ વી.જી. રાઠોડ દ્વારા સદેષ્ટાંત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

દ્વિતીય કાર્યક્રમમાં કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જ્યોતિ મહિલા મંડળની ૩૦૦ જેટલી બહેનોને મહિલા વિષયક કાયદાઓ, તેમના હક્કો અંગે સવિસ્તાર માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિમળાબેન યયાચી અને દક્ષાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તૃતીય કાર્યક્રમમાં અત્યારના આધુનિક યુગમાં બહેન-દિકરીઓમાં સહિષ્ણુતાની ઉણપ જોવા મળે છે અને દિકરીનો ઉછેર તેમજ સાસરામાં રહેવાની શીખ તેમજ જૂના પરંપરાગત રીત-રિવાજોને ઉજાગર કરતી લગ્ન-ગીત સ્પર્ધા અને લગ્ન પ્રસંગોના રીવાજોનું મહત્વ અને પ્રસંગોની પ્રત્યક્ષ ઉજવણીનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ ૫૦૦ જેટલી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ રજૂ થયો ત્યારે શાનદાર માહોલ ઉભો થયો હતો અને લગ્નના ગીતોની સુરાવલિ અને મંગળાષ્ટકના ગાન અને પતાસાની વહેંચણી સમગ્ર મહિલા જગત જાણે કે હિલોળે ચઢ્યુ હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.

લગ્ન પ્રસંગોની ઉજવણીમાં પ્રથમ ક્રમે તેજસ ગ્રુપ, બીજા ક્રમે કચ્છ કાઠિયાવાડ પાટીદાર સમાજ, ત્રીજા ક્રમે કચ્છ રાજપૂત સમાજ, ચોથા ક્રમે શ્રેયસ ગ્રુપ અને પાંચમા ક્રમે માઈ મંડળ વિજેતા રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શિવરંજની સંસ્થાના પ્રમુખ વાગ્મિનભાઈ બુચ, શર્મિષ્ઠાબેન દવે અને જિગિષા ઓઝાએ ઉપસ્થિત રહીને ઈનામ-વિતરણ કરીને વિજેતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના અરૂણ બુચે સ્વાગત પ્રવચન કર્યુહતુ. ડૉ. વંદનાબેન મેવાડા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. હર્ષાબા ધાધલે આભારવિધિ કરી હતી. સર્વ કોકિલાબેન નાયક, મીનાબેન શાહ, રમીલાબેન મિસ્ત્રી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

શ્રી ઉમિયા બંગ્લોઝ, કુડાસણના કોમન પ્લોટમાં ધૂળેટી પર્વ ઉજવણી કરવામાં આવી હતી.

ખેલો ઈન્ડીયા ૧૦ કા દમ વિમેન્સ લીગનું આયોજન

ગાંધીનગર, તા. ૯

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૧૦ માર્ચ થી ૧૨ માર્ચ, ૨૦૨૩ દરમ્યાન દેશભરમાં ૧૦ સ્થળોએ '૧૦ કા દમ વિમેન્સ લીગ'નું આયોજન કરવામાં આવ્યુ છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા અને ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા મહિલા સશક્તિકરણ અને મહિલા રમતવીરોને પ્રોત્સાહીત કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયાના માર્ગદર્શન હેઠળ એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટ અને સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી દ્વારા સંયુક્ત ઉપક્રમે સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડમી, ગોધાવી, અમદાવાદ ખાતે તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ આયોજન કરવામાં આવેલ છે. ફેન્સીંગ રમતની સ્પર્ધા ઈપી, ફોઈલ અને સેબર એમ ત્રણ ઈવેન્ટમાં બહેનો માટે યોજાશે, જેમાં ૧૩ થી વધુ વયની રાષ્ટ્રીય અને રાજ્ય સંઘ સાથે જોડાયેલ કુલ ૧૫૯ જેટલા ખેલાડી બહેનો ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

આગામી ૧૩-૧૪ તારીખ પછી ફરીથી માવઠાની આગાહી થઈ

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. જોકે, ઉનાળાની વચ્ચે અચાનક ચોમાસું ક્યાંથી આવી ગયું...એ મોટો સવાલ છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર મળી રહ્યા છે. રાજ્યમાં આગામી ૧૩-૧૪ તારીખ પછી ફરીથી માવઠું પડશે. હવામાન ખાતાએ રાજયમાં માવઠાની આગાહી કરી દીધી છે. હવામાન વિભાગના મતે ડાંગ, વલસાડ, સુરત અને નવસારી, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં માવઠું પડશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં કમોસમી વરસાદ વરસશે. આગામી સમયમાં ગરમીનો પ્રકોપ વધવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી સમયમાં રાજયના તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થશે. આગામી ૧૩-૧૪ તારીખ પછી ફરીથી માવઠાની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, સુરત, નવસારીમાં વરસાદ પડવાની આગાહી કરી છે, જયારે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા સાબરકાંઠા અને કચ્છમાં વરસાદ પડવાની આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા વરસાદ થશે. એટલું જ નહીં, કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હિટવેવની આગાહી કરાઈ છે. આજે અને આવતીકાલે હીટવેવની આગાહી રહેશે. આજે અમદાવાદમાં ૩૬ ડિગ્રી તાપમાનનો પારો જશે. આવતીકાલે ખેડૂતોને સિંચાઈને લઈને પણ હવામાન વિભાગ એડવાઈઝરી જાહેર કરશે. હવામાન વિભાગ પણ આ પ્રકારના વાતાવરણને કારણે ચિંતામાં છે કે, આ ઉનાળો છેકે, પછી ચોમાસું. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં હજુ પણ આગામી ૨૪ કલાક ખુબ જ ચિંતાજનક છે. ગુજરાતમાં આગામી ૨૪ કલાક માવઠાની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત માટે આ સમાચાર ખુબ જ ચિંતાજનક છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને હવામાન વિભાગે રાજકોટ, અમરેલી, અરવલ્લીમાં કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં પણ માવઠાની આગાહી કરવામાં આવી છે. જેમાં વિશેષ રૂપથી નવસારી, વલસાડ, સુરત અને તાપી જિલામાંમાં માવઠાની આગાહી કરાઈ છે. આ ઉપરાંત રાજયના દાહોદ, પંચમહાલ, મહીસાગરમાં પણ માવઠાની આગાહી કરાઈ છે. જ્યારે ૪૦ કિલોમીટરની ઝડપે પણ પવન ફૂંકાવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

પ્રાંતિજના નનનપુર ગામમાં જમીનમાંથી ધુમાડા નીકળ્યા

સાબરકાંઠા, તા.૯

પ્રાંતિજ તાલુકાના નનનપુર ગામમાં જમીનમાંથી ધુમાડા નીકળ્યાને ૧૮ કલાક બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું તો પાણીના ટેંકરો વડે છટકાવ કર્યો હતો અને ધુમાડા બંધ થયા બાદ જેસીબી વડે ખોદકામ કર્યું હતું જેને લઈને તંત્ર અને પંચાયતે આગળની કામગીરી હાથ ધરી છે.

સમગ્ર જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનનપુર ગામે જમીનમાંથી ધુમાડો નીકળવાની ઘટના સામે આવી હતી જો કે મહિલા ખુલી જગ્યા ઉપર લાકડા વીણવા ગઈ હતી તે દરમિયાન જમીનમાં પગ ધસી પડતા પગ દાજયો હતો બાદમાં જમીનમાંથી ધુમાડો નીકળવાની શરૂઆત થઈ હતી જોકે ધુમાડો વધુ પ્રસરતા ગામના સાનિકો ના ટોળેટોળા એકઠા થયા હતા.

સ્થાનિકોએ પ્રાંતિજ ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી ધુમાડો નીકળતી જગ્યાએ પાણીનો છંટકાવ કર્યો હતો જોકે તે દરમિયાન ધુમાડા નીકળવાનું બંધ થયું હતું પરંતુ આજે સવારે તાલુકા વિકાસ અધિકારી ઘટનાસ્થળની મુલાકાતે આવ્યા હતા અને બાદમાં જેસીબીની મદદ વડે જગ્યા ઉપર ખોદકામા કરવામાં આવ્યું હતું જોકે હાલ તો ધુમાડો નીકળવાનું બંધ થતા ખોદકામ કરી જગ્યા પર ખાડા કરી દેવામાં આવ્યા છે.

૨૧ ભૂદેવો મોહનથાળનો પ્રસાદ લઈને કલેક્ટર કચેરીએ પહોંચ્યા

પાલનપુર, તા.૯

સુપ્રસિદ્ધ અંબાજી મંદિરમાં છેલ્લા ૭ દિવસથી મોહનથાળનો પ્રસાદ બંધ કરી દેતા ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે અંબાજી મંદિરમાં માં અંબે ને મોહનથાળનો ભોગ લગાવ્યા બાદ ૨૧ ભૂદેવો તે મોહનથાળનો પ્રસાદ લઈને અબોટ પહેરીને પાલનપુર કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને નાયબ કલેક્ટરને મોહનથાળનો પ્રસાદ આપીને અંબાજી મંદિરમાં ફરીથી મોહનથાળનો પ્રસાદ શરૂ કરવાની માંગ કરી હતી અને ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગ નહિ સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

અંબાજી મંદિરમાં ત્રીજી માર્ચથી મોહનથાળનો પ્રસાદ બંધ કરીને ભકતોને ચીક્કીનો પ્રસાદ આપતાં ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભક્તો છેલ્લા ૭ દિવસથી વિવિધ રજૂઆતો અને વિરોધ કરીને મોહનથાળ ફરીથી શરૂ કરવાની માંગ કરી રહ્યા છે. છતાં પણ મંદીરમાં મોહનથાળનો પ્રસાદ શરૂ ન કરાતાં ગઈકાલથી બ્રહ્મસમાજ દ્વારા રોજનો ૨૦૦ કિલો મોહનથાળ બનાવીને અંબાજી મંદિરમાં ભક્તોને આપવામાં આવી રહ્યો છે. ત્યારે આજે બ્રહ્મ સમાજ દ્વારા માં અંબાને મોહનથાળ ધરાવીને તે પ્રસાદ ભૂદેવો પાલનપુર કલેક્ટર કચેરીએ લઈને પહોંચ્યા હતા.